01

# સ્નેહનું વહેણ જીવતું રાખો

વર્ષો પહેલાંની વાત છે. એક નિકટના મિત્રનો એક દિવસ ઓચિંતો સંદેશો આવ્યોઃ ‘મેં વેવિશાળ તોડી નાખ્યું છે. હવે તું તેને પત્ર લખતો નહીં. તે તને પત્ર લખે તો તેને કંઈ જવાબ આપીશ નહીં. ટૂંકમાં મેં વેવિશાળ તોડી નાખ્યું છે અને સંબંધ તોડી નાખ્યો છે. તું પણ તેની સાથે કોઈ સંબંધ રાખીશ નહીં. આમ છતાં તું એની સાથે કોઈ પણ સંબંધ ચાલુ રાખીશ તો હું એમ માનીશ કે તને મારી સાથેના સંબંધની કોઈ પરવા નથી. મિત્ર, તારે પસંદગી કરી લેવી પડશે. મારી સાથે સંબંધ રાખવો હશે તો તું એની સાથે કોઈ સંબંધ રાખી નહીં શકે. તેની સાથે સંબંધ રાખીશ તો પછી તારે સમજી લેવું કે આપણા વર્ષો જૂના સંબંધનું નામું નંખાઈ ગયું. આપણો સંબંધ આપોઆપ ફોક થયેલો તારે સમજી લેવો.’ મિત્રની વિવાહિતાને મેં તો જોઈ નહોતી. મિત્રના આગ્રહથી જ હું તો પત્રવહેવારમાં જોડાયો હતો.

કોઈ પણ બે વ્યક્તિ વચ્ચેના સંબંધમાં એક ગાંઠ પડે છે અગર એ સંબંધ તૂટે છે ત્યારે બંને વ્યક્તિઓ એમના જ કહેવાથી એમની સાથે સંબંધ બાંધી ચૂકેલાઓને આવી આજ્ઞા કરે છે. તેમનાં મન-હૃદય ઉપરનું દબાણ આપણે

સમજી શકીએ છીએ. તેમને એ સંબંધથી એટલો ધક્કો પહોંચ્યો છે કે સામેની વ્યક્તિને વધુમાં વધુ શિક્ષા કરવા માગે છે. બીજી કોઈ શિક્ષા કરવાનું તેમના હાથમાં નથી એટલે તેઓ આ રીતે 'લાગણીની નાકાબંધી' જાહેર કરે છે, પણ આ રીતે સંબંધો વીજળીની બત્તીની ચાંપ દબાવીને ચાલુ કે બંધ કરવાનું શક્ય હોય છે ખરું?

એક પિતાને પુખ્ત વયની પુત્રી ઉપર ક્રોધ ચડ્યો છે. પિતાની મનાઈ છતાં તે અમુક યુવકને મળતી રહી અને હવે એની સાથે લગ્ન કરવા પણ તૈયાર થઈ ગઈ છે. પિતાના ક્રોધનો કોઈ પાર નથી. પિતા એક પછી એક હુકમનામાં બહાર પાડે છે. ઘરના દરેક સભ્યને આદેશ મળે છે કે હવે એ યુવક સાથે તમારો કોઈ સંબંધ નહીં જોઈએ અને આપણી દીકરી સાથે પણ હવે પછી બધો સંબંધ બંધ!

માતાપિતાની ઇચ્છા વિરુદ્ધ પુત્રીએ કરવા ધારેલાં લગ્નને એ પસંદ કરતા હોય કે પસંદ ના કરતા હોય, પણ તે સગી દીકરી સાથે સંબંધ એકદમ કાપી તો કઈ રીતે શકે? યુવતીનો સગો ભાઈ કહે છે કે બહેને પસંદ કરેલો યુવક મારો મિત્ર છે. મારી બહેનનો નિર્ણય મને ગમતો હોય કે ના ગમતો હોય, પણ જેની સાથે કિશોર, યૌવનકાળનાં થોડાંક વર્ષોની ચાલુ દોસ્તી હતી તેને હું એકદમ બંધ કઈ રીતે કરી દઉં?

માણસ-માણસ વચ્ચેના સંબંધો આ રીતે કાપી શકાતા નથી અને છતાં આપણે જોઈએ છીએ કે લોકો આ રીતે પોતાને જે નિર્ણયો ના ગમે તેની સામે પોતાના જ સ્વજનો, સંબંધીઓ અને મિત્રો સાથેના સંબંધોમાં આવી નાકાબંધી જાહેર કરતા હોય છે. જે પિતા એમ માને છે કે પુખ્ત વયની પોતાની પુત્રીને સ્વેચ્છાએ પોતાનો જીવનસાથી પસંદ કરવાનો હક્ક જ નથી તે પિતાનો પુત્રી-પ્રેમનો દાવો ગમે તેટલો બુલંદ હોય તો પણ તેમને સાચા પ્રેમના અધિકાર ક્ષેત્રની મર્યાદાની ખબર જ નથી તેમ કહેવું જોઈએ.

ઘણાબધા માણસો કોઈ ને કોઈ સ્નેહના સંબંધમાં વાંધો પડતાં તેની સાથે જોડાયેલી તમામ લાગણીની નળીઓનાં જોડાણ કાપી નાખવા મેદાને પડે છે. આ રીતે તેઓ અનેક કાચા સંબંધો કાપી નાખે છે અને કાચાં ફળોની જેમ કાચા સંબંધો તોડી તેની પૂરી ખટાશ ચાખી લીધા પછી આગળ ઉપર પસ્તાય છે. એ સંબંધ કાચો કાપ્યો ના હોત તો! એ સંબંધને બરાબર પાકવા દીધો હોત તો જિંદગીમાં કેટલી બધી મીઠાશ નીપજવાની ગુંજાશ એ સંબંધમાં હતી, પણ તે દિવસે કોણ જાણે માથા ઉપર શું ભૂત સવાર થયું હતું કે એક નજીવી

વાતમાં એ નવા ગુંજાશવાળા સંબંધને મૂળ સાથે ઉખાડી જ નાખ્યો. આ જ રીતે એક જૂના લાંબા સંબંધને પણ કેટલાક માણસો કોઈ ને કોઈ કારણે કાપી નાખે છે અને પછી આગળ ઉપર પસ્તાવો કરતાં નજરે પડે છે.

માણસ-માણસ વચ્ચેનો સ્નેહસંબંધ ગમે તેટલો સચ્ચાઈભર્યો હોય તો પણ તેમાં હંમેશાં લાગણીની ભરતી જ ચાલ્યા કરે એવું તો બનતું જ નથી. એમાં ભરતીઓટ આવ્યા જ કરે છે. સમયના કાંટાની સાથે જ માણસ પરિવર્તનની એક કળ જોડાયેલી છે અને ખુદ પોતે પણ બદલાય છે. તેની સાથેના સંબંધમાં સંકળાયેલી અન્ય વ્યક્તિઓ પણ બદલાય અને તેમની વચ્ચેના સંબંધના પ્રવાહમાં વખતોવખત ભરતીઓટનું ચક્ર ચાલ્યા કરે છે. માણસે એટલી ખેવના રાખવી જોઈએ કે તેના કોઈ એક સંબંધમાં જ્યારે ભરપૂર ભરતી આવે ત્યારે બરાબર માણે અને ઓટ આવે ત્યારે પણ તે મન નાનું ન કરે. સ્નેહનું વહેણ જીવતું જ રાખે અને વહેણનો માર્ગ પણ ચોખ્ખો રાખે.

સંબંધો બાંધવા જેટલા સહેલા હોય છે તેટલા તેને નિભાવવા સહેલા નથી હોતા. તમામ સંબંધોને આ વાત લાગુ પડે છે. વળી સંબંધ લોહીની દૃષ્ટિએ કે લાગણીની દૃષ્ટિએ ગમે તેટલો ગાઢ-નિકટનો હોય તો પણ તેમાં તાણ પેદા થાય તેવી સ્થિતિ ટાળવી જોઈએ અને કોઈ ને કોઈ અનિવાર્ય કારણોસર તાણ જન્મે ત્યારે તાર તૂટે નહીં તેટલી સહનશક્તિ, એટલી ક્ષમતા પણ કેળવવી જોઈએ.

02

# મોટપનો સતાવતો ખ્યાલ

કેટલાક માણસોને મોટપનો ખ્યાલ સતાવ્યા કરે છે. આવા માણસો કોઈ પણ પ્રસંગે પોતાની મોટાઈ આગળ કર્યા કરે છે. હું મહત્ત્વનો માણસ છું. મારો એક ચોક્કસ દરજ્જો છે. મને મારી મોટપ પ્રમાણે મહત્ત્વ આપવું જોઈએ. કોઈ મારી અવગણના કરશે તો હું સાંખી નહીં લઉં. જે માણસને પોતાના આવા માની લીધેલા મહત્ત્વના ખ્યાલ પજવ્યા કરે છે તેને ડગલે ને પગલે પોતાની અવગણના થઈ રહેલી લાગે છે. નાનામાં નાની બાબતોમાં તેઓ પોતાની મોટાઈનું આઇડેન્ટિટી કાર્ડ બતાવ્યા કરે છે. તેમને ઘણાબધા પ્રસંગોએ એવું લાગે છે કે તેમની અવગણના જાણી જોઈને થઈ રહી છે.

એક જુવાન પોતાના સાસરે ગયો. સાસુ અને સસરા ઘરના અંદરના ભાગમાં ક્યાંક રોકાયેલાં હશે. જુવાને બેલ માર્યો. કોઈ ના આવ્યું. બારણું તો ખુલ્લું જ હતું. યુવાન દીવાનખંડમાં સોફા ઉપર બેઠો. પાંચ, દસ, પંદર મિનિટ કોઈ ના આવ્યું. જુવાનના જમાઈ-જીવને લાગ્યું કે રીતસર અપમાનનું જ કાવતરું. સાસુ કે સસરાને બોલાવવાને બદલે તેણે ચૂપચાપ ચાલ્યા જવાનું નક્કી કર્યું. હવે કદી સસરાને ઘેર પગ નથી મૂકવો તેવી પ્રતિજ્ઞા

પણ મનમાં નક્કી થવા માંડી. જુવાન રવાના થતો હતો ત્યાં સાસુ આવ્યાં. જમાઈને જોઈને સાસુના ચહેરા પર આવકાર અને આનંદ છલકાઈ ઊઠ્યો પણ સાસુ એકદમ હસી પડ્યાં. જમાઈએ ચહેરા પરનો આવકાર ના વાંચ્યો. સાસુના હાસ્યમાં તેમને મશ્કરી સંભળાઈ. જમાઈએ પૂછ્યું: 'મને જોઈને કેમ હસી પડ્યાં?'

સાસુએ શરમાઈ જતાં કહ્યું: 'ના, એ તો અમસ્તું જ!' જમાઈનો ચહેરો ગંભીર બની ગયો. જમાઈએ ફરમાન કર્યું: 'તમે કેમ હસ્યાં તે મને કહો! મારે જવાબ જોઈએ છે. સંતોષકારક જવાબ નહીં મળે તો આપણા સંબંધમાં વિક્ષેપ આવી જશે!' ત્યાં સસરા આવ્યા. તેમણે પણ આગળની કોઈ વાતનો વિચાર કર્યા વગર ખુલાસો માગ્યોઃ જમાઈને તું જવાબ આપ કે કેમ હસી!

સાસુએ સંકોચ સાથે અને પોતાનું હાસ્ય માંડ માંડ ખાળતાં કહ્યું: 'જમાઈ અત્યારે આવવાના છે તેની મને ક્યાં ખબર હતી? બેલ વાગી એટલે મેં માન્યું કે ધોબી આવ્યો છે. કપડાં લેવા તે આ સમયે જ રોજ આવે છે. જમાઈરાજ આવ્યા હશે તેની તો મને કલ્પના જ નહીં! એટલે મેં એમને જોયા ત્યારે આશ્ચર્ય થયું, આનંદ થયો અને ધોબીને બદલે જમાઈ નીકળ્યા તે વાતનું હસવું પણ આવી ગયું!'

જમાઈરાજને વધુ ખોટું લાગી ગયું. પછી માંડ માંડ તેમનો ક્રોધ શાંત પડ્યો. મગજમાં કંઈક અજવાળું થયું અને મનનું સમાધાન થયું. જમાઈ ગુસ્સામાં હતા ત્યારે તો એક જ વાત કરતાઃ 'તમે તમારે ઘેર કોઈ બેસવા આવે ત્યારે આ રીતે તેનું સ્વાગત કરો છો? તમને ધોબી અને જમાઈમાં કંઈ ફરક દેખાતો નથી? બેલ મારવા છતાં પંદર-પંદર મિનિટ સુધી કોઈ બારણા પર ન આવે તે કેવું? આ કઈ જાતનું અંધેર? હું ચાલ્યો ગયો હોત તો તમને ખબર પણ ના પડત! અરે કોઈ તમારું ઘર લૂંટીને ચાલ્યું જાય તો પણ ખબર જ ના પડે!'

આ એક નજીવો પ્રસંગ છે, પણ તેમાં ઘણુંબધું સૂચક છે. આપણે કેટલીક વાર આવી જ રીતે એક નાનીઅમથી વાતમાં ઘણુંબધું વાંચી લઈએ છીએ. હકીકતે આવું કશું તેમાં હોતું જ નથી. મોટાઈના દરજ્જાના એક ખોટા ખ્યાલ નીચે આપણે નાનામાં નાના પ્રસંગે માનના ખોટા તકાદા કરી બેસીએ છીએ. ખરેખર આપણે આપણી જાતને માનવંતી ગણતાં જ હોઈએ તો આપણને માનની આટલી ઊણપ હરેક પ્રસંગે લાગવી ના જોઈએ.